# ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

ક્રમાંક : ક.યુ./સ્થા.ત.સ.–રિમાર્કસ/૨૦૧૫–૧૬/૫૪૦
યુનિવર્સિટી કાર્યાલય,ભુજ.
તા. ૧૧/૦૮/'૧૫.

પરિપત્ર નં. : ૦૮ / ૧૫–૧૬

**વિષય : સ્થાનિક તપાસ સમિતિ અહેવાલ સંબંધિત સૂચનો...**

આથી માનનીય કાર્યકારી કુલપતિશ્રી તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૫નાં રોજની નોંધ પર મળેલ આદેશાનુસાર જણાવવાનુંકે, શિક્ષણ વિભાગ,ગુજરાત સરકારશ્રીનાં પરિપત્ર **ક્રમાંક : પરચ/૨૦૧૫/૮૪/ખ–૧ તારીખ ૨૬મી જુન ૨૦૧૫** મુજબ શિક્ષણ વિભાગ હેઠળની તમામ સરકારી યુનિવર્સિટીઓ તરફથી નવા જોડાણ મેળવવા સંબંધે સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી તથા જાહેરનામા અંગેની દરખાસ્તોમાં જોવા મળતા અલગ–અલગ મુદ્દાઓને કારણે એકસૂત્રતા જળવાતી ન હોય તેવુ ધ્યાને આવતાં, આ બાબતે એકરૂપતા જાળવવા માટે સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ / અભિપ્રાય (રિમાર્કસ)માટે એક પત્રક તૈયાર કરી અત્રે મોકલવામાં આવેલ હોય,તેનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાનું રહે છે.

શિક્ષણ વિભાગ,ગુજરાત સરકારશ્રીનાં તારીખ ૨૬મી જુન ૨૦૧૫નાં આ પરિપત્રનાં પરિપાલન હેતું નીચે મુજબનાં સૂચનો ધ્યાને લેવા આથી તમામ સંબંધિતોને જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. | તારીખ ૨૧મી જાન્યુ.૨૦૧૨નાં રોજનાં આદેશ મુજબ અને હાલે પ્રવર્તમાન સ્થાનિક તપાસ સમિતિ અહેવાલનો નમૂનો નીચેના ફેરફાર સાથે અમલીકરણમાં રહેશે, અન્ય વિગતો યથાવત રહેશે.<br>– વિવિધ બાબતોનાં અભિપ્રાયો, નવા અહેવાલમાં પણ સમાવિષ્ટ થતાં હોઈ, અભિપ્રાય બેવડાય નહી માટે તે જગ્યાઓ ખાલી રાખવી.<br>– અહેવાલ (આધાર – પૂરવા સાથે) માત્ર એક જ નકલમાં જ રજૂ કરવો.<br>– સોફટ કોપીની આવશ્યકતા રહેશે નહી. |
| ૨. | તારીખ ૨૬મી જુન ૨૦૧૫નાં રોજનાં શિક્ષણ વિભાગનાં પરિપત્ર મુજબનો નમૂનો આ સાથે સામેલ છે જેની પ્રિન્ટ, યુનિવર્સિટી વેબ સાઈટ પરથી મેળવી અહેવાલ તૈયાર કરવાનો રહેશે. |
| ૩. | હાલે પ્રવર્તમાન સ્થાનિક તપાસ સમિતિ અહેવાલ તથા તારીખ ૨૬મી જુન ૨૦૧૫નાં રોજનાં શિક્ષણ વિભાગનાં પરિપત્ર મુજબ અભિપ્રાય / અહેવાલ પત્રક, નિયત સમય મર્યાદામાં તૈયાર કરી, સંબંધિત સંસ્થાને સમિતિનાં રીમાર્કસ અને શરતોની જાણ ન થાય તે રીતે પૂરતી ગુપ્તતા સાથે બંધ કવર (આધાર – પૂરવાની ફાઈલ નહી)માં કુલસચિવશ્રીના કાર્યાલય ખાતે જમાં કરાવવાનું રહેશે. |
| ૪. | તારીખ ૨૬મી જુન ૨૦૧૫નાં રોજનાં શિક્ષણ વિભાગનાં પરિપત્ર મુજબ સમિતિ અહેવાલ / અભિપ્રાય અને શરતો સહિતનાં બન્ને અહેવાલો અત્રે રજૂ થયા બાદ યુનિવર્સિટી સત્તા મંડળો પાસેથી જોડાણ દરખાસ્ત કાર્યવાહી અંતર્ગત બહાલી મેળવી, યુનિવર્સિટીનાં રિમાર્કસ સાથે શિક્ષણ વિભાગ ખાતે રજૂ કરવામાં આવનાર હોઈ, અહેવાલ / અભિપ્રાય તથા શરતો સંબંધે એકસુત્રતા તથા સ્પષ્ટ અભિપ્રાય સાથે અહેવાલો તૈયાર કરવાનાં રહેશે. |

આદેશથી...

કુલસચિવ
ઈ/ચા.કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

પ્રતિ,
ચેરમેનશ્રીઓ તથા સભ્યશ્રીઓ
નિમવામાં આવનાર તમામ સ્થાનિક તપાસ સમિતિઓ...

<u>નકલ સવિનય રવાના :</u>

૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યલય તરફ.
૨. ડીનશ્રીઓ, તમામ વિદ્યાશાખાઓ, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી તરફ જાણ સારૂ.
૩. આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થા / કોલેજો તરફ જાણ તથા અમલી કરણ અર્થે

શિક્ષણ વિભાગ,ગુજરાત સરકારશ્રીનાં પરિપત્ર ક્રમાંક : પરચ/૨૦૧૫/૮૪/ખ–૧ તારીખ ૨૬મી જુન ૨૦૧૫ મુજબ સ્થાનિક તપાસ સમિતિનાં અભિપ્રાયો / રિમાર્કસ અહેવાલ.

યુનિવર્સિટીનું નામ : કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

સંલગ્ન કોલેજનું નામ સરનામુ :

સંપર્ક સુત્ર :

શૈક્ષણિક વર્ષ તા.૧૫.૦૬. ૨૦______ થી તા.૧૪.૦૪. ૨૦_____ માટે____________________ અભ્યાસક્રમનું ________ જોડાણ મેળવવા માટેની જોડાણ શરતોનાં પરિપાલન

સંદર્ભે સ્થાનિક તપાસ સમિતિનાં અભિપ્રાયો / રિમાર્કસ અહેવાલ.

રૂબરૂ મુલાકાતની તારીખ :

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | સ્થાનિક તપાસ સમિતિનાં રિમાર્કસ | યુનિવર્સિટીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | જે વિસ્તારમાં નવી કોલેજ શરૂ કરવાની દરખાસ્ત છે તે વિસ્તારમાં સમાન વિદ્યાશાખા / વિષયની નવી કોલેજ શરૂ કરવાની જરૂરીયાત છે, તે બાબતે સંસ્થાની સ્પષ્ટતા અપાવી. | | |
| ૨ | કોલેજ સંયુકત શિક્ષણની શરૂ કરવાની છે કે માત્ર મહિલા કોલેજ શરૂ કરવાની છે? તે જણાવવું | | |
| ૩ | તે વિસ્તારમાં કેટલી હાયર સેકન્ડરી શાળાઓ છે ? તેમાંથી દર વર્ષે હાયર સેકન્ડરી પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ બેસે છે? સરેરાશ પરિણામ કેટલું આવે છે? તે દર્શાવીને આ માટે જે તે શાળાનાં આચાર્યશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખવુ. | | |
| ૪ | સંચાલન કરનારી સંસ્થા / ટ્રસ્ટની સંપૂર્ણ વિગતો આપવી.તેમાં મુખ્ય ટ્રસ્ટી અને સગાવાલાનું પ્રમાણ કેટલું છે ? તે અંગે લેખિત પ્રમાણ પત્ર સામેલ રાખવું | | |
| ૫ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૬ | મુલાકાતની તારીખે ટ્રસ્ટ / સંસ્થા પાસે મિલ્કતો,અસ્કયામતો વગેરેની વિગતો ( ૭/૧૨નાં ઉતારા, મકાન બાંધકામ પ્રમાપ પત્ર, પ્લાન, નકશાની વિગતો આધાર સાથે) આપવી. | | |
| ૭ | ટ્રસ્ટ / સંસ્થાની બિન વિવાદાસ્પદ માલિકીની જમીનની જમીનની વિગતો આપવી. | | |
| ૮ | હાલના અને ભવિષ્યના વિકાસને અનુરૂપ કોલેજ બિલ્ડીગ છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૯ | એકેડેમિક બિલ્ડીગમાં સગવડતાઓ–સેમીનાર રૂમ, વ્યાખ્યાન રૂમો,લેબોરેટરી તથા વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગો માટેનું ઓડિટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી. | | |

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | સ્થાનિક તપાસ સમિતિનાં રિમાર્કસ | યુનિવર્સિટીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧૦ | કેન્દ્ર/રાજ્ય સરકાર/પીડબલ્યુડી/મ્યુનિસિપાલીટી/ગ્રામપંચાયનાં પાણી,વીજળી, હવાઉજાસ, ટોયલેટ,ગટરલાઈન અંગેનાં પ્રમાણપત્રો સહિત બી.યુ. પ્રમાણપત્ર સામેલ રાખવા. | | |
| ૧૧ | સંસ્થા / ટ્રસ્ટ પાસે બોજા મુક્ત એફ.ડી.આર. હોય તેની આધાર સહિત વિગતો આપવી. | | |
| ૧૨ | સંસ્થા / ટ્રસ્ટ પાસે બોજા મુક્ત બેંક બેલેન્સ છે કે કેમ? જો હા, તો આધાર–પુરાવાની પ્રમાણિત નકલ આપવી. | | |
| ૧૩ | શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીગણની વિગતો આપવી જે નિયમોનુસાર અધ્યાપન કાર્ય તથા વહીવટી કામો હાથ ધરવા માટે પૂરતો છે કે કેમ ? તે જણાવવું. | | |
| ૧૪ | (અ) વિદ્યાર્થીઓના છાત્રાલય માટે આયોજન હોય તો, તે હવા ઉજાસ ધરાવતુ મકાન છે ? અને ટોયલેટ / બાથરૂમ,કપડા ધોવા,મહેમાનોનાં રહેવા / જમવા અંગેની પૂરતી વ્યવસ્થાઓ છે કે કેમ? તે લેખિતમાં આધાર સહ મેળવવું.<br>(બ) જે વિદ્યાર્થીઓ ભાડાનાં મકાન અથવા સંસ્થાનાં છાત્રાલયમાં નિવાસ કરતાં હોય તેઓ પર દેખરેખ રાખવા અંગે શી વ્યવસ્થા છે?તેની વિગતો આપવી. | | |
| ૧૫ | ગ્રંથાલય અંગેની સગવડો શી છે ? તેમાં પુસ્તકો / જર્નલ્સની સંખ્યા જણાવવી, તેમ જ આદિજાતિ / અનુસૂચિત જાતિ/આર્થિક નબળા વિદ્યાર્થીઓ માટેની બૂક બેંક યોજના છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૧૬ | લેબોરેટરી મકાન,સાધનો,કોમ્પ્યુટર, પ્રિન્ટર,એ.સી., ઈન્ટરનેટ, વગેરેની સગવડો શરૂ કરવાના અભ્યાસક્રમને અનુરૂપ ઉપલબ્ધ છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૧૭ | રમત–ગમતના મેદાનની વિગતો આપવી. | | |
| ૧૮ | સરકારશ્રીના નિયમો અનુસાર અનામત રાખવાના ફંડ, રોજબરોજના ખર્ચની જોગવાઈઓ અંગેની બાંહેધરીઓ સામેલ રાખવી. | | |
| ૧૯ | યુનિવર્સિટી / વૈધાનિક સત્તા મંડળો/સરકારશ્રીનાં સર્વીસ રૂલ્સ અને પગાર,સ્ટાફની ભરતી, વિદ્યાર્થીઓની ફી,પ્રવેશ તેમ જ અભ્યાસક્રમ બંધ કરવા અને રજીસ્ટરો/રિકર્ડ/ હિસાબો રાખવા તેમ જ ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન અંગેની અધિકૃત વેબસાઈટ પર સમયાંતરે ડેટા અપલોડ કરવા અને અપડેટ કરવા અંગેનાં નીતિ–નિયમોના પાલન કરવાની બાંહેધરીઓ આપવી. | | |
| ૨૦ | સંસ્થા / ટ્રસ્ટનાં છેલ્લા બે વર્ષનાં ઓડીટેડ વાર્ષિક હિસાબોની વિગતો આધાર સાથે સામેલ રાખવી | | |
| ૨૧ | સંસ્થા / ટ્રસ્ટ વિરૂધ્ધ ન્યાયની અદાલતમાં કોઈ કેસ પડતર હોય અથવા વિરૂધ્ધ ચૂકાદો આવેલ હોય, તો તે અંગેની વિગતો આપવી. | | |
| ૨૨ | અભ્યાસક્રમ શરૂ કરતાં પૂર્વે જે તે વૈધાનિક સત્તામંડળોની પૂર્વ અનુમતિ લેવાની જરૂરિયાત છે કે કેમ ? અને જો હા તો,તે મેળવવામાં આવી છે કે કેમ? તે આધાર સહિત જણાવવું. | | |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | (અ) યુનિવર્સિટી/ રાજ્ય સરકાર/ વૈધાનિક સત્તામંડળ દ્વારા મૂકાયેલ શરતોનું પરિપાલન સંસ્થા / ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે કે કેમ? જો ના તો, હવે પછી કેટલી સમય મર્યાદામાં પૂર્તતા કરવામાં આવશે.<br>(બ) વધુમાં યુનિવર્સિટી દ્વારા અગાઉ નિમવામાં આવેલી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જે શરતો / ખામીઓની પૂર્તતા કરવા માટે સંસ્થાને જણાવવામાં આવેલ, તેમાંથી હવે કઈ શરતો / ખામીઓની પૂર્તતા કરવાની બાકી છે ? અને આ ખામીઓ દૂર કરવા અંગે સંસ્થા / કોલેજ દ્વારા શાં સુધારાત્મક પગલાં લેવાયા છે, તેની વિગતો આપવી. | | |

સ્થાનિક તપાસ સમિતિની વિગત :

૧. ચેરમેનશ્રી
નામ :
હોદ્દો :
સહી :

૨. સભ્યશ્રી
નામ :
હોદ્દો :
સહી :

૩. સભ્યશ્રી
નામ :
હોદ્દો :
સહી :

૪. સભ્યશ્રી
નામ :
હોદ્દો :
સહી :

કુલસચિવ